# અક્રમ યુથ

ફેબ્રુઆરી ૨૦૧૭, ગુજરાતી   દાદા ભગવાન પરિવાર   ₹૧૨



# ક્લેશ

Dada's Youth Network

# અનુક્રમણિકા


૦૪ આમાંથી કલેશ કોને કહેવાય ?

૦૬ જ્ઞાની વિથ યુથ

૦૮ મહાન પુરૂષોની ઝાંખીઓ

૧૧ વસ્તુ કરતાં વ્યક્તિની કિંમત વધારે

૧૨ Change Belief Get Relief

૧૪ ભ્રષ્ટાચાર રોકો

૧૬ અત્યારે તો મજા કરી લઈએ કલ કી કલ દેખેંગે.

૧૯ જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ...

૨૦ સમાધાન આપણી મૂંઝવણોના



તંત્રી
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૧૦
સળંગ અંક : ૪૬
ફેબ્રુઆરી ૨૦૧૭

સંપર્ક સૂત્ર :
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સિટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr. RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar
કુલ ૨૪ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D/M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન' ના નામે મોકલવો


You need to download
QR Code Scanner App
from Play store
or iTunes Store



Download free ebook / PDF versions of all Akram Youth issues by scanning this QR code

Visit http://youth.dadabhagwan.org/Gallery/Akram-Youth



# સંપાદકીય

જીવન તો જીવી જવાય છે સહુ કોઈને, પણ ખરું જીવન તેને જીવાયું કહેવાય કે જે જીવન ક્લેશ વિનાનું હોય ! તમે ક્યારેય વિચાર્યું છે ખરું કે જીવનમાં ક્લેશ શાથી થાય છે અને તેનું પરિણામ શું આવશે ?

આ કાળમાં સારું ખાવા-પીવાનું, સારી સગવડો, આટલી બધી જાહોજલાલી તો પછી ક્લેશ-કંકાસ કે દુ:ખ ઉત્પન્ન થવાનું કારણ શું ? ત્યારે કહે, આ ક્લેશમય જીવન જાય છે તેનું મુખ્ય કારણ જ અણસમજણ ! 'તમામ દુ:ખોનું મૂળ તું પોતે જ છે !' પરમ પૂજ્ય દાદાશ્રીનું આ વિધાન કેટલી ગહનતાથી દુ:ખોના મૂળ કારણને ખુલ્લું કરે છે, જે ક્યારેય કોઈના મગજમાં જ ના આવે !

એટલે આ જગત સમજવા જેવું છે, પોતાની સમજે નહીં પણ જ્ઞાની પુરુષની દ્રષ્ટિએ ! જ્ઞાની પુરુષ લોંગ સાઈટ (દીર્ઘ દ્રષ્ટિ) આપી દે એટલે જગતની હકીકત વાસ્તવિક સ્વરૂપે દેખાય, પછી ક્લેશ-કકળાટ ના થાય, તોડફોડ ના થાય, મનભેદ-મતભેદ ના થાય અને સર્વેનું હિત થાય.

તો ચાલો, આપણે પ્રસ્તુત અંકમાં દાદાશ્રીની દ્રષ્ટિએ ક્લેશથી મુક્ત થવાના માર્ગ પર કદમ માંડીએ...

-ડિમ્પલ મેહતા

# આમાંથી ક્લેશ કોને કહેવાય ?



નીચે અમુક રોજ-બરોજની પરિસ્થિતિ આપેલ છે અને સામાન્ય રીતે ઉદ્ભવતા બે વિરોધાભાષી વિચાર આપેલ છે. બંનેમાંથી ક્લેશ કોને કહેવાય તે વિચારો.

## ૧

મહેશભાઈને એક પછી એક આર્થિક નુકસાન આવ્યા કરે છે.

- ☐ અ) મહેશભાઈને આખો દહાડો મનમાં થયા કરે છે, 'હું તો મરી ગયો.'
- ☐ બ) મહેશભાઈ વિચાર કરે છે, 'આ તો મારા જ કર્મ ના ફળ છે. રાત પછી દહાડો આવશે.'





## ૨

રાજુ જમવા બેઠો ત્યાં ન ભાવતું થાળીમાં આવ્યું.

- ☐ અ) રાજુ ને ખૂબ ભૂખ લાગી હતી છતાં તેણે થોડું ખાઈ લીધું અને થોડું પડ્યું રહેવા દીધું.
- ☐ બ) રાજુ બોલ્યો, 'હું આ નથી ખાવાનો આવું આપો છો પછી, તો ખાવાનું બગડે ને!'

**૩** દસ વર્ષની પિંકી તેની મમ્મીને ખૂબ પ્રશ્નો પૂછે છે, જેના જવાબ તેની મમ્મીને આવડતા નથી.

☐ **અ)** મમ્મી એને કહે છે, 'જા ભણવા બેસી જા. ખોટો ટાઈમ ના બગાડીશ.'

☐ **બ)** મમ્મી કહે છે, 'બેટા ! મને આના જવાબ નથી ખબર હું તને પૂછીને કહીશ.'





**૪** ટીંકુ ઘરમાં સોફા પર કૂદાકૂદ કરતો હોય છે.

☐ **અ)** પપ્પા તેને સમજાવે છે, 'બેટા ! કોઈને વાગે નહીં અને તને પણ વાગે નહીં.'

☐ **બ)** પપ્પા તેને બે ઠોકી દે છે.

**૫** આપણે કોઈની પાસેથી રૂપિયા દસ હજાર ઉછીના લાવ્યા, પછી આપણા સંજોગો અવળા થયા.

☐ **અ)** મનમાં વિચાર આવે કે, 'પૈસા પાછા નહીં આપું તો શું થવાનું છે ?'

☐ **બ)** વિચાર આવે, 'મારે ત્યાંથી કોઈ પૈસા લઈ ગયો હોય ને એ મને પાછા ના આપે તો મને શું થાય ?'



જવાબ: ૧-બ, ૨-અ, ૩-બ, ૪-અ, ૫-બ

# જ્ઞાની વિથ યુથ

**પૂજ્યશ્રી** : જે ક્રોધના ટાણે ક્રોધ કરતો નથી એનો પ્રભાવ બહુ પડે, પ્રતાપ ઊભો થાય, એને 'શીલ' કહેવાય છે. 'શીલ'નો પ્રભાવ એવો હોય કે એને કહેવું ના પડે, એની હાજરીથી જ કામ થયા કરે. પેલો માર-માર કરતો આવ્યો હોય ને પેલા ભાઈને જુએને જ એ તો ટાઢો પડી જાય. કેમ? તો કે પ્રભાવ મેન ઓફ પર્સનાલીટી(શીલવાન) કહેવાય. અલબત સો ટકા આગળની વાત છે, પણ અમુક અંશે માણસ જો પ્રભાવશાળી હોય તો પ્રભાવ ક્યારે ઊભો થાય છે? જે લોકો ક્રોધ કરતાં હોય એવી જગ્યાએ પોતે ક્રોધ ના કરે, લોકો બીજાનું અપમાન કરતાં હોય એવી જગ્યાએ પોતે અપમાન ના કરે, લોકો ધાર્યું કરાવી ને કામ લેતાં હોય, પોતે ધાર્યું સમજાવી ને કરે એને બધી મનુષ્યપણાની સિદ્ધિ ઉત્પન્ન થાય છે. ક્રોધ, માન, માયા, લોભ વાપરતો નથી, પ્યોરીટી કહેવાય. તેનામાં પછી પ્રતાપ નામનો ગુણ ઉત્પન્ન થાય એની હાજરીથી જ લોકો અવળુ બંધ કરી દે, સવળા ચાલે, નેગેટિવીટી બંધ કરી દે, પોઝીટીવીટીમાં આવે.

ક્રોધ વખતે લોકો ને એમ લાગે કે ક્રોધ ના કરીએ તો જીવન કેવી રીતે ચાલે? એવી માન્યતાઓ હોય છે. બાકી મનુષ્ય સિવાય કોઈ ક્રોધ કરતાંયે નથી, આ ચકલા અને જાનવરો બધા નિરાંતે ખાઈ-પી ને ફર્યા કરતાં હોય. મનુષ્યો એકલાને જ આ બધું તોફાન વધારે હોય છે. ક્રોધ છે, માન છે, મોહ છે, લોભ છે.

અમથા નોકર જેવાને વઢયા હોય ને ક્રોધથી તો દિલમાં વેર બાંધે, હું તમને જોઈ લઈશ, છોડીશ નહીં. બોલો, પ્યાલા તો ફૂટી ગયા, એક નુકસાન અકળામણ કરી, બીજું નુકસાન પેલાએ વેર બાંધ્યું, ત્રીજું નુકસાન અકળામણનું ફળ આપણને અધોગતિ થાય અને પેલો વેર બાંધે, છોડે નહીં પાછો. તે બીજે ભવ વેરનું ફળ આવે. છાપામાં નથી વાંચતા કે બાઈસાહેબને મોઢું બાંધી ને લૂંટી ગયા, છરી મારી. વેર બાંધ્યું હતું તે છોડે નહીં પછી. એટલે ક્રોધના પરિણામનું ખૂબ એનાલિસિસ કરવું જોઈએ.





# પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ

## મહાન પુરુષોની ઝાંખીઓ

**ભગવાન** સ્વામીનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી 'સ્વામીશ્રી' તરીકે ઓળખાતા.

તેઓ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરતાં સંયમી જીવન જીવ્યા, વ્યક્તિગત સંપત્તિ કે સગવડ વગરનું જીવન જીવ્યા.

તેમનું હિંદુ ધર્મના સારરૂપ જીવન, માનવતા પ્રત્યે કરુણા, સાર્વત્રિક શાણપણ અને નોંધનીય સરળતા જેવા ગુણો, દુનિયાના ઘણા ધર્મો અને રાષ્ટ્રીય નેતાઓને સ્પર્શી ગયા હતા. પણ તેમાં ય તેમનો ભગવાન માટેનો શાંત, અવિરત પ્રેમ, દેશ, જાતિ અને ધર્મની બધી સીમાઓથી પર હતો.

અરે! સેંકડો મંદિરો, હજારો સેન્ટર્સ અને લાખોથી વધારે અનુયાયીઓ ધરાવતું આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક સામ્રાજ્ય સર્જ્યા પછી પણ સ્વામીજી હંમેશાં પ્રાર્થનામાં ડૂબેલા રહેતા. તેમનું જીવન એ વાતની જીવંત સાબિતી છે કે, ક્યારેક સવારે ૨.૩૦ વાગ્યે કરેલી પ્રાર્થના કામ કરે છે અને તેમનો દિવ્ય પ્રેમ સફળ થાય છે.

પ્રમુખ સ્વામી મહારાજ, એ એવા સાચા, જીવંત ગુરુ હતા જેમની વિશેષતા હતી આધ્યાત્મિકતા માટે પ્રેરણા આપવી અને તેને ફેલાવવી, અને તેઓ વિશ્વભરના સેંકડો-હજારો લોકોમાં સુલેહ-શાંતિના ચિર સ્રોત બની રહ્યા.

કોઈ ડિપ્રેસ થયેલો વિદ્યાર્થી હોય કે ભાગેડુ બાળક, ભાંગી પડેલો વેપારી હોય કે હતાશ પત્ની, છૂટાછેડા વાળું હોય કે કોઈ નોકરી ગુમાવેલું હોય કે પોતાના વહાલાનું મૃત્યુ થયું હોય પણ પ્રમુખ સ્વામીની સંભાળ, સલાહ અને શાણપણથી લોકો તેમના આવા બધા દુઃખોમાંથી બહાર આવી જતા.

**તેમના જીવનના કેટલાક પ્રેરણાદાયક પ્રસંગોઃ**

**ભગવાન પ્રત્યેની નિષ્ઠા**

એકવાર જ્યારે સ્વામીજી ઠાકોરજીના દર્શનમાં મગ્ન હતા ત્યારે ભગવત્ચંદ્ર સ્વામી તેમના ચરણસ્પર્શ કરવા નમ્યા. સ્વામીજી ચમક્યા પણ તરત તેમણે ભગવત્ચંદ્ર સ્વામીને પગે લાગતાં રોક્યા, અને કહ્યું, "ઠાકોરજી પહેલાં મને ક્યારેય પગે ના લગાય!" આગળ તેમણે કહ્યું, " રાજા પહેલાં, નોકરને પગે લાગીને કોઈ તેનું સન્માન કરે એ કેવું લાગે!?"

સ્વામીજીના આ શબ્દો તેમની માનવતા અને ઠાકોરજી પ્રત્યેની ઊંડી ભક્તિ દર્શાવે છે.

**માન અને અપમાનમાં**

લંડનમાં સુવર્ણ તુલાની પવિત્ર અને ભવ્ય ઊજવણી પછી, જ્યારે તેમની કાર સ્ટેડીયમની બહાર જઈ રહી હતી અને જ્યાં હજારો સત્સંગીઓ સ્વામીશ્રીને આદરભાવ આપી રહ્યા હતા, ત્યારે તેઓ તેમના સત્સંગીઓ દ્વારા લખાયેલા પત્રો વાંચવામાં મગ્ન હતા. થોડી જ સેકન્ડોમાં સ્વામીશ્રી, તેમને અપાયેલ સન્માનને ભૂલી ગયા હતા.

બીજે જ દિવસે એક વિરોધાભાસી પ્રસંગ બન્યો.

એક વ્યક્તિ રોષ અને ગુસ્સાથી સ્વામીશ્રી માટે ખરાબ ભાષા બોલતો ધસી આવ્યો. પણ સ્વામીશ્રી વિચલિત ન થયા. તેમના ચહેરા પર કોઈ તાણ કે ગુસ્સો ન હતો કે તેમના મનમાં કોઈ દુર્ભાવના ન હતી. રોષ ઉતરતાં તે વ્યક્તિ શાંત થઇ ગઈ.

સ્વામીશ્રી એ ત્યાં હાજર સાધુને સૂચના આપી કે, "તે જમ્યા વગર ન જાય" એટલું ધ્યાનમાં રાખજો.

સ્વામીશ્રી તેમને આપવામાં આવેલું સન્માન તરત જ ભૂલી ગયા અને સાથે સાથે થોડી સેકન્ડોમાં જ તેમના થયેલા અપમાનને ભૂલીને માફી પણ આપી દીધી! તેમણે માન અને અપમાન બંનેમાં સમભાવ રાખ્યો.

### અર્ધરાત્રીની પ્રાર્થના

રાત્રીના ૨.૩૦ થયા હતા અને સ્વામીશ્રી તેમની પથારીમાં આંખો બંધ કરીને હાથ જોડીને પ્રાર્થના કરતાં બેઠાં હતાં, સ્વામીનારાયણના મંત્રનો જાપ કરી રહ્યા હતા.

જયારે ત્યાં હાજર સાધુએ આમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો, "ભારતમાં અત્યારે દુકાળ પડ્યો છે. બિલકુલ વરસાદ નથી. હું વરસાદ પડે તેના માટે પ્રાર્થના કરી રહ્યો છું જેથી પીડિત પ્રાણીઓ, પક્ષીઓ અને માણસોમાં રાહત અને શાંતિ ફેલાય."

"તમે રાતના આવી પ્રાર્થનાઓ કેટલી વાર કરો છો?" સાધુએ પૂછ્યું.

સ્વામીશ્રીએ અનિચ્છાએ જવાબ આપ્યો, "હું કાયમ રાત્રે પ્રાર્થના કરું છું. જે લોકો તેમના દુઃખો લઈને મારી પાસે આવે છે તે સહુ માટે હું પ્રાર્થના કરું છું."

### અત્યંત વિનમ્રતા

કેટલાક સાધુઓને પોતાના દર્શન માટે આવેલા જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું, "તમે કેમ આટલા ખુશ છો?" સાધુઓ ચૂપ રહ્યા ત્યારે સ્વામીશ્રીએ જાતે જ જવાબ આપતાં કહ્યું, "અચ્છા, તમે એટલા માટે ખુશ છો કે નવું મંદિર બંધાઈ ગયું છે અને હવે તમને નવા સત્સંગીઓ જોવા મળશે!"

સ્વામીશ્રીના યશને ધ્યાનમાં લેતાં સાધુઓએ જવાબ આપ્યો, "પણ, મંદિર તો તમે જ બંધાવ્યું ને!" ત્યારે સ્વામીશ્રીએ જવાબ આપ્યો, "ભગવાન સ્વામીનારાયણ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે મંદિર બાંધ્યું."

સ્વામીશ્રીના જીવનના દરેક કાર્યમાં ભગવાન અને તેમના ગુરુઓ પ્રત્યેની વિનમ્રતા દેખાતી.

### તેમનો ઉપદેશ

જેના જીવનમાં કોઈ મૂલ્યો નથી તેની સંપત્તિ લુટાઈ જતાં વાર નથી લગતી.

યુવાનોએ સૌથી પહેલાં પોતાના ચારિત્ર્ય માટે વિચારવું. તેમને કોઈ વ્યસનો ન હોવા જોઈએ. બધાં જ મહાન લોકો તેમના જીવનમાં સૌથી પહેલા ચારિત્ર્યનું ઘડતર કરે છે. ચારિત્ર્ય વગર તમે કોઈ પણ સામાજિક સેવા કરો, તેનું કશું જ ફળ આવતું નથી. અરે! જ્યાં સુધી તમારામાં ચરિત્રબળ નહિ હોય ત્યાં સુધી કોઈને તમે કઈ કહેશો તેની પણ અસર નહિ ઉપજે.

નિષ્ફળતાઓ ત્યજવી જોઈએ. વ્યસનો, ક્રોધ, પૂર્વગ્રહો, નુકસાનકારક વિચારો અને ક્રિયાઓ અને એના જેવી બધી જ વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. સૈકાઓથી ભારત, દુનિયાને ચારિત્રની સંપત્તિ આપતું રહ્યું છે. જો બધા જ સાથે મળી નિષ્ફળતાઓ પર વિજય મેળવવાનું નક્કી કરે, તો દુનિયા દોષરહિત બની જાય. બીજાના દોષો જોવાનું બંધ કરો અને ફક્ત તેમના ગુણો જ જુઓ.

સાબુથી ફક્ત શરીરનો મેલ દૂર થશે, પણ જે કપટ અને પ્રપંચ મનમાં ભર્યા છે તેનું શું? સત્સંગ જ એક એવો સાબુ છે જે તમારા મનને સાફ કરે છે.

તમારા બધાં જ કાર્યો, ભગવાનને કેન્દ્રમાં રાખીને કરો. સમાજની સેવા કરો પણ ભગવાનને માથે રાખીને. ભગવાનને ક્યારેય ભૂલશો નહિ.

# વસ્તુ કરતાં વ્યક્તિની કિંમત વધારે



નીરુમાનો ટી.વી.માં આવતો કાર્યક્રમ હું દરરોજ જોતો હતો. એક દિવસ નીરુમા દાદાના જીવનના ખૂબ જ હૃદયસ્પર્શી પ્રસંગની વાત કરી રહ્યા હતા. વાત કંઈક આ પ્રમાણે હતી.

દાદાના વખતમાં કંઈક કન્સ્ટ્રક્શનનો પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો. તેમાં છે તો એક ભાઈથી કામમાં કંઈક ભૂલ થઇ. જેના કારણે લગભગ ૧-૨ લાખનું નુકસાન થયું. તે જમાનામાં એ ઘણી મોટી રકમ ગણાતી હતી. ભૂલને કારણે એ ભાઈ એટલા બધા ગભરાઈ ગયા હતા કે એમણે સત્સંગમાં આવવાનું જ બંધ કરી દીધું હતું. દાદાને વાતની જાણ થઇ અને એમણે એ ભાઈને કહેણ મોકલાવ્યું કે, 'દાદા તમને બોલાવે છે.' દાદાનું કહેણ મળતાં એ ભાઈ ડરતાં- ડરતાં દાદા પાસે સત્સંગમાં પહોંચ્યા. જેવા એ ભાઈ દરવાજામાંથી ઘરમાં પ્રવેશ્યા કે દાદા તરત જ બોલ્યા, 'આવો, આવો' દાદા એટલા પ્રેમથી બોલ્યા કે એ ભાઈને અંદર ખૂબ જ હળવું થઇ ગયું. પછી તો દાદા બધી વાતચીત કરવા લાગ્યા પણ પેલી નુકસાનની વાત કાઢી જ નહીં. પછી જયારે એ ભાઈએ સામેથી એ વિષે વાત કરી, ત્યારે દાદા બોલ્યા, 'જે કામ કરે એની ભૂલ થાય, કામ ના કરે એની ભૂલ ના થાય.'

આ પ્રસંગ પરથી નીરુમાએ ખૂબ જ સરસ સમજણ પાડી કે **'વસ્તુની કિંમત નથી, વ્યક્તિના હૃદયની કિંમત છે.'** જયારે આ વાક્ય સાંભળ્યું, ત્યારે મને અંદર ખૂબ જ ટચ થઇ ગયું. મેં પણ ત્યારબાદ નક્કી કર્યું કે નાની-નાની વાતો માટે હવે વ્યક્તિઓને દુઃખ આપવું નથી. નીરુમાની આ વાતથી મારા જીવનમાં ઘણો ફેરફાર થઇ ગયો અને નાની વાતો માટે થતી અથડામણ બંધ થતી ગઈ.

- ગૌરવ સૂરી

# Change Belief

## શું આપ સુખી થવા ઈચ્છો છો ?

શું આપ રોજના કકળાટ અને કંકાસથી કંટાળી ગયા છો ?

તો મિત્રો, સુખ શોધવા આપણે ક્યાંય બીજે જવાની જરૂર નથી.

સુખ આપણી આસપાસ જ છે — બસ, આપણાથી એક જ ડગલું દૂર છે.

આવો, આપણે સમજીએ કે એ શું વસ્તુ છે જે આપણા જીવનમાં સુખ લાવી શકે? જે આપણા જીવનને પરિવર્તિત કરી શકે ?

શો છે આની પાછળ કુદરતનો નિયમ ?

એ વસ્તુ છે આપણી જ 'બિલીફ'.

દુનિયામાં દરેક વ્યક્તિની જુદી-જુદી બિલીફ હોય છે. જીવનને જોવાનો જુદો જુદો દ્રષ્ટિકોણ હોય છે.

આપણા જીવનના પ્રસંગોમાં આ બિલીફ બહુ મોટો ભાગ ભજવતી હોય છે.

એ પ્રસંગમાં માણસને થતું 'સુખ' અગર તો 'દુ:ખ', અનુક્રમે, તેની 'સવળી' કે 'અવળી' બિલીફ ના આધારે હોય છે.

આ સમજાવવા, દાદાશ્રી ખૂબ જ સરસ દાખલો આપે છે :

"ધારો કે, ઘર માં એક કાચ નો પ્યાલો તૂટી ગયો."

**પરિસ્થિતિ - ૧**

પ્યાલો આપણાથી તૂટી ગયો.

**આપણી પ્રતિક્રિયા**

'અરે...ચાલો...જલદી જલદી...કોઈ જોઈ જાય એ પહેલાં સાફ કરી નાખું.'

**પરિસ્થિતિ - ૨**

પ્યાલો નોકરથી તૂટી ગયો.

**આપણી પ્રતિક્રિયા**

'અલ્યા...જોઈને નથી ચાલતો...?? તારા હાથ ભાંગેલા છે કે ? પગારમાંથી પૈસા કાપી લઈશ'

**પરિસ્થિતિ - ૩**

જમાઈથી પ્યાલો તૂટી ગયો.

**આપણી પ્રતિક્રિયા**

'અરે... કશો વાંધો નહિ... કશો વાંધો નહિ... તમને વાગ્યું તો નથી ને... આ તો પનોતી ગઈ.'

આપણે જોઈશું તો ઉપરના ત્રણેય પ્રસંગમાં બહાર તો સરખી જ ક્રિયા થાય છે. પણ દરેક વખતે આપણી બિલીફ પ્રમાણે આપણને સુખ અગર તો દુ:ખ ઉત્પન્ન થાય છે.

જો આપણે આપણી બિલીફ જ ફેરવી કાઢીએ તો આપણને દુ:ખ થતું બંધ થઈ જાય.

દાદાશ્રી બીજી રીતે બિલીફનો દાખલો આપતા કહે છે કે,

"આપણી પાસે એક માટલી હોય, તે માટલી છોકરો ફોડી નાખે, તોય કોઈ ક્લેશ કરતું નથી ઘરમાં

# Get Relief

અને કાચનું આવડું વાસણ હોય તે બાબો ફોડી નાખે તો ?

ધણી બૈરીને શું કહે, કે તું સાચવતી નથી આ બાબાને. તે મૂઆ, માટલીમાં કેમ ન બોલ્યો ?

કારણ કે એ તો ડીવેલ્યુ હતી. એની કિંમત જ નથી.

કિંમત ના હોય તો આપણે ક્લેશ નથી કરતા ને કિંમતવાળામાં જ ક્લેશ કરીએ છીએ ને !

વસ્તુ તો બેય ઉદયકર્મને આધીન છે, ફૂટે છે તે. પણ જો આપણે માટલી પર ક્લેશ નથી કરતાં એનું શું કારણ ?"

અહીં જોવા મળે છે કે બહારના પ્રસંગમાં જે વસ્તુની કિંમત આપણે બિલીફમાં મૂકી છે તેના માટે ક્લેશ થઈ જાય છે.

એવી જ રીતે આપણે સુખનો દાખલો લઈએ, કે ધારો કે એક વ્યક્તિ તેના બધા મિત્રોને pizzaની પાર્ટી આપે, તો એ pizzaમાંથી બધા ને સરખું સુખ મળે કે નહિ ?

હવે pizza આપનારો માણસ સરખો છે, એનો ભાવ છે કે બધાને આનંદ થાય, બધા માટે pizzaનો સંયોગ સરખો છે, છતાં બધાને સુખની જુદી જુદી અનુભૂતિ થાય છે. આવું કેમ ?

કારણ કોઈ ને pizza વધારે ભાવે છે ને કોઈને ઓછા.

એટલે સુખ અથવા દુઃખ કોણ આપે છે ?

- બહાર ની પરિસ્થિતિ ??
- કોઈ ચીજ વસ્તુ ??
- કોઈ વ્યક્તિ ??

"આપણી જ બિલીફ આપણને સુખ અથવા તો દુઃખ આપે છે."

દાદાશ્રી આ વિશે ખૂબ જ સરસ દાખલો આપતાં કહે છે,

"આ દિવાળીને દહાડે બધાં શા માટે ડાહ્યા થઈ જાય છે ? એમની 'બિલીફ' બદલાઈ જાય છે તેથી. આજે દિવાળીનો દહાડો છે, આનંદમાં ગાળવો છે એવું નક્કી કરે છે તેથી એમની બિલીફ બદલાઈ જાય છે, તેથી આનંદમાં રહે છે. 'આપણે' માલિક એટલે ગોઠવણી કરી શકીએ. જો નક્કી કર્યું હોય કે 'આજે તોછડાઈ કરવી નથી.' તો તારાથી તોછડાઈ નહીં થાય."

**નિષ્કર્ષ :**

સંસારમાં સુખી થવા માટે કોઈ વ્યક્તિને બદલવાની જરૂર નથી, કોઈ સંયોગ ને બદલવાની જરૂર નથી, બસ, પોતાને બદલવાની જરૂર છે, પોતાની બિલીફ બદલવાની જરૂર છે...




જ્યારે તમે કોઈ થિયેટરમાં મુવી જોવા જાઓ, અને ટિકિટ ના મળે ત્યારે શું કરો છો? શું તમે એમ કહો છો, "કંઈ નહિ, આપણે ફરી આવીશું." કે તમે રૂ.૬૦ની ટિકિટના રૂ. ૮૦ આપી બ્લેકમાં ટિકિટ ખરીદો છો? આનો જવાબ, આપણા દેશમાં ભ્રષ્ટાચાર કઈ હદે ફેલાયો છે તે દર્શાવે છે.

ભ્રષ્ટાચાર, એ પોતાને સોંપેલી સત્તાનો પોતાના સ્વાર્થ માટે કરેલો દુરુપયોગ છે (વારસાગત, અભ્યાસ, લગ્ન, ચૂંટણી, નિમણૂક કે બીજામાં)

આજના સમયમાં, વિકાસ અને લોકશાહીને અવરોધતું સૌથી મોટું પરિબળ ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચાર, રાષ્ટ્રના વિકાસ પર પ્રતિકૂળ અસર કરે છે. તે સરકારની આવક ઘટાડે છે, અને આવક અને સંપત્તિની વહેંચણીમાં અસમાનતા ઊભી કરે છે. ભ્રષ્ટાચારથી, રાષ્ટ્રના વિકાસ પર આર્થિક, સામાજિક અને રાજકીય અસરો પડે છે.

ભ્રષ્ટાચારની જાહેર જીવન પર ખૂબ ખરાબ અસર પડે છે.

આ એક સમસ્યા હોવા કરતાં વિચિત્ર અને ઉલ્લેખનીય સ્થિતિ વધુ છે.

વધુમાં, જે લોકો ભ્રષ્ટાચારમાં સામેલ છે તેઓ અન્ય પર દોષારોપણ કરી પોતાને છૂપાવી રાખે છે. ઉપરથી તેઓ પાતાની જાત માટે ગર્વ લે છે કે તેઓએ ટૂંકા ગાળામાં કેટલા બધા પૈસા બનાવી લીધા.

લોકોમાં પણ એવો અભિપ્રાય બંધાઈ ગયો છે કે કામ પતાવવા માટેનો આ જ માત્ર એક રસ્તો છે. અને જો એમ નહિ કરીએ તો કામ લાંબા સમય માટે અટકી પડશે કે કદાચ કામ ના પણ પતે.

## ભ્રષ્ટાચાર ની અસરો :

**અધિકારીઓ માટે અવજ્ઞાઃ** લો, ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ અધિકારી વિશે લોકો નકારાત્મક વાતો કરી અવજ્ઞા કરશે. પણ જ્યારે તેમને, તેનું કે તેણીનું કામ પડશે ત્યારે તેઓ એમ વિચારીને ફરી એમની પાસે જશે કે તેમને થોડા પૈસા આપીશું એટલે આપણું કામ થઇ જશે.

**સત્તાધીશો પ્રત્યે સન્માનનો અભાવ :** રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન જેવા સત્તાધીશોનું પ્રજામાં સન્માન ઘટે છે.

**સરકારમાં શ્રદ્ધા અને વિશ્વાસનો અભાવ :** લોકો નેતાને, તે કે તેણી પરની શ્રદ્ધા અને વિશ્વાસથી મત આપે છે. પણ જયારે લોકો તેમને ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા જુએ છે ત્યારે તેમનો વિશ્વાસ ઊઠી જાય છે અને બની શકે કે લોકો બીજી વાર તેમને મત ન પણ આપે.

**વિકાસનો અભાવ :** ઘણા નવા ઉદ્યોગો કે જે, કોઈ ચોક્કસ પ્રદેશમાં પોતાનો ઉદ્યોગ ચાલુ કરવા માંગતા હોય, અને પછી અનુકૂળતા ન મળતાં પોતાના પ્લાન બદલી નાખતા હોય છે. તે વિસ્તારના ભ્રષ્ટ અધિકારીઓ પોતાની લાલચના કારણે જલદી મંજુરી આપતાં નથી અને ખૂબજ મોટી લાંચ માંગે. આનાથી જે તે પ્રદેશનો આર્થિક વિકાસ અવરોધાય છે.

**સેવાઓમાં ગુણવત્તા નો અભાવ :** ભ્રષ્ટાચારી સિસ્ટમમાં સેવાઓની કોઈ ગુણવત્તા હોતી નથી. કોઈ પણ સેવામાં ગુણવત્તા જોઈતી હોય તો તેના માટે ચૂકવવું પણ પડે. આ ઘણી જગ્યાએ જોવા મળે છે જેમ કે મ્યુંનિસિપાલિટી, ઇલેક્ટ્રિસીટી, રીલીફ ફંડની વહેચણી વગેરે.

**ખરાબ આરોગ્ય અને સ્વચ્છતા :** વધુ પડતો ભ્રષ્ટાચાર ધરાવતા દેશોમાં સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ વધારે નોંધાઈ છે. સ્વચ્છ પીવાનું પાણી, ગુણવત્તા વાળા અનાજનો પૂરવઠો, ખરાબ રસ્તાઓની દુરસ્ત, આ બધાનો અભાવ હોય છે. સ્વાસ્થ્યને લગતી ઘણી સમસ્યાઓ હોય છે.

**અકસ્માતો :** ડ્રાઈવરમાં, વાહન ચલાવવાની પુરતી આવડતનું પ્રોપર ચેકીંગ કર્યા વગર ડ્રાઈવિંગ લાઇસન્સ આપી દેવાથી અકસ્માતો અને મૃત્યુ થાય છે. એવા પણ દેશો છે જ્યાં કોઈ પણ ટેસ્ટ વગર ભ્રષ્ટાચારથી ડ્રાઈવિંગ લાઇસન્સ મળી જાય છે.

આમ, એક વાત સ્પષ્ટ થાય છે કે ભ્રષ્ટાચાર કરવા પાછળનો સૌથી મોટો ઉદ્દેશ્ય છે, સંપત્તિ ભેગી કરવી.
ચાલો જોઈએ દાદાશ્રી શું કહે છે,
આજની લક્ષ્મી 'પાપાનુબંધ પુણ્ય'ની છે. એટલે તે કલેશ કરાવે એવી છે. એના કરતા ઓછી આવે તે સારું ઘરમાં કલેશ તો ના પેસે! આજે જ્યાં જ્યાં લક્ષ્મી પેસે છે ત્યાં કલેશનું વાતાવરણ થઇ જાય છે. એક ભાખરી ને શાક સારું, પણ બત્રીસ જાતની રસોઇ કામની નહીં. કારણ કે એ રસોઇ ખાધા પછી કલેશ થાય તો શા કામનું ! આ કાળની તો લક્ષ્મી આવે ને કલેશ લાવે. પાપાનુબંધી પુણ્યની લક્ષ્મી દુઃખ આપીને જાય, નહીં તો એક જ રૂપિયો, ઓ હો હો ! કેટલું સુખ આપીને જાય! પુણ્યાનુબંધી પુણ્ય તો ઘરમાં બધાંને સુખ-શાંતિ આપીને જાય, ઘરમાં બધાંને ધર્મના ને ધર્મના વિચારો રહ્યા કરે.

# અત્યારે તો મજા કરી લઈએ
# કલ કી કલ દેખેંગે.

**ગીતાબેન** અને જયેશભાઈ લગભગ પચાસેક એક વર્ષના છે. ગીતાબેન સ્વભાવે થોડા લોભી અને જયેશભાઈમાં મોટાઈનો આંક વધારે પડતો એટલે બંને વચ્ચે અવારનવાર મતભેદ પડ્યા કરે. હવે એમનો દીકરો કૃણાલ તો હજી હમણાં જ પૈસા કમાતા અને જવાબદારી ઉપાડતા શીખ્યો હતો. જયેશભાઈને ધંધામાં ખોટ આવવાથી તેમની કમાણી ઘણા વર્ષોથી બંધ હતી.

"હું તો સખત થાકી ગઈ છું. બહાર કેટલી ગરમી છે?" ગીતાબેને પરસેવો લૂછતાં કહ્યું.

"કોણે કહ્યું હતું કે આટલા તડકામાં વજન ઉપાડીને ચાલતા આવવાનું?" જયેશભાઈ અકળાયા.

"જ્યારથી તમે ઘરે બેઠા છો ત્યારથી મારી જિંદગીમાં તો ઢસરડા જ લખ્યા છે ને?"

"જવા દે હવે...એમ પણ તારાથી રૂપિયો છૂટવાનો નથી."

"તમને ક્યાં ખબર છે બહાર કેટલી મોંઘવારી છે. રિક્ષાઓના ભાડા મને ના પોષાય."

"તારો છોકરો એટલું તો કમાય છે કે તું રિક્ષામાં બેસી શકે."

"મહિને માત્ર ૧૫,૦૦૦ રૂપિયામાં ઘરે તો મારે ચલાવવાનું છે, તમારે તો ખાલી બોલવાનું જ છે."

એટલામાં વિલાસબેન જે જયેશભાઈના બેન છે તે ઘેર આવ્યા એટલે ઝઘડો થતાં થતાં અટકી ગયો.



"આવો બેન. તમે કેમ છો?" અચાનક વિલાસબેનને આવેલા જોઈને ગીતાબેન સહેજ ભોંઠા પડી ગયા.

"એકદમ મજામાં છું."

"બોલો, શું નવા સમાચાર છે આ વખતે?" કોઈ ખાસ વાત હોય તો જ વિલાસબેન ઘરે આવે એ જયેશભાઈ સારી રીતે જાણતા હતા.

"ભાઈ, મારી એક ફ્રેન્ડ જે ટુર એન્ડ ટ્રાવેલ્સ કંપનીમાં કામ કરે છે તેનો આજે ફોન આવ્યો હતો."

"ઓ.કે."

"કહેતી હતી કે થાઈલેન્ડ ફરવા જવું હોય તો એક સરસ ઓફર આવી છે."

"એમ? શું ઓફર છે?" જયેશભાઈ થોડા ટટ્ટાર થઈ ગયા.

"ખાલી ૫૦,૦૦૦ રૂપિયા એક જણના થશે."

"એમાં ખાવાનું, રહેવાનું અને ફરવાનું બધું જ આવી ગયું."

"વાહ, સરસ ઓફર છે આ તો!" જયેશભાઈ ગીતાબેન સામે જોતાં બોલ્યા.

"ના ભાઈ ના, આટલા પૈસા લાવવા ક્યાંથી?" ગીતાબેને લાચારીથી કહ્યું.

"ભાભી, તમે પૈસાની ચિંતા ના કરો. હું છું ને." વિલાસબેન તરત બોલી ઊઠ્યા.

"ના..ના.. બેન, એવું ના કરાય." જયેશભાઈ જરા ફોર્માલીટીથી બોલ્યા.

"તમે મને દર મહિને થોડા થોડા કરીને પાછા આપી દેજો. તમે તો ઘરના જ છો ને." વિલાસબેનને જયેશભાઈ અને ગીતાબેન સિવાય બીજા કોઈ સાથે ખાસ બનતું નહીં એટલે તેઓ માની જાય તો પોતાને પણ સારું પડે એ આશયથી તેમણે પૈસાની મદદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

"અમે પછી વિચારીને કહીશું." બહાર ફરવાના શોખીન ગીતાબેન તેમને ના તો ન જ પાડી શક્યા.

વિલાસબેનના ગયા પછી જયેશભાઈએ ગીતાબેનને રાજી કરવા મીઠી ભાષામાં કહ્યું, "જો ગીતા, તારી જિંદગી આમ ઘરના કામકાજમાં પૂરી થઈ જાય એ પહેલાં મારી ઈચ્છા છે કે હું તને એક ફોરેન ટ્રીપ કરાવું."

"તમે પૈસા આપવાના છો?" ગીતાબેને



કટાક્ષમાં કહ્યું.

"આપણે કૃણાલને પૂછી જોઈએ તો?"

"તમે જ પૂછજો." પોતાને પણ અંદરખાને ભારોભાર ઈચ્છા તો હતી પણ કૃણાલને પૂછવાનું કામ ગીતાબેને જયેશભાઈના માથે ઢોળી દીધું.

"બેટા, હવે અમારી ઉંમર થઈ ગઈ છે." રાતે જમવાના ટેબલ પર જયેશભાઈએ વાત છેડી.

"તો?" કૃણાલે ભાખરી અને શાકનો ટુકડો મોઢામાં મૂકતાં આશ્ચર્યથી તેમની સામે જોયું.

"વિલાસબેન થાઈલેન્ડ જવાનું કહેતાં હતા." જયેશભાઈએ સીધી જ વાત કરી.

"હા, તો એ ભલે જાય. જવા દો." પોતાના પપ્પાને ઓળખતા કૃણાલે આડકતરી રીતે હસીને કહ્યું.

"હું અને તારી મમ્મી પણ સાથે જઈએ એમ તેઓ કહેતાં હતા."

"પણ મારી પાસે હમણાં એટલા પૈસા નથી."

"વાંધો નહી. હમણાં તો વિલાસબેન આપશે પછી પાછા વાળી દઈશું."

"તમારી મરજી. હું જે ૧૫૦૦૦ આપું છે એમાંથી સેટિંગ થતું હોય તો કરી લેજો. વધારે મારાથી કંઈ થાય એમ નથી."

કૃણાલના સ્ટ્રેઈટ ફોરવર્ડ જવાબથી જયેશભાઈ નારાજ તો થયા પણ તેમને બહાર ફરવા જવાનો આ મોકો છોડવો ન હતો. તેમણે ગમે તેમ કરીને પણ ગીતાબેનને મનાવ્યા. "મને પણ ખબર છે કે તું છાનામાના પૈસા ભેગા કરે જ છે. તો એમાંથી સગવડ નહીં થાય?"

"અરે, એ તો ઈમરજન્સી આવી પડે એના માટે ભેગા કરું છું."

"તો પછી હવે જે બચાવે એ દર મહિને વિલાસબેનને આપી દઈશું."

"મને કંઈ સમજાતું નથી." ગીતાબેનની કેટલા વર્ષોની ઈચ્છા આજે તેમને ઢીલા પાડી રહી હતી.

"ગયે વખતે સિંગાપોર જવા માટે પણ તેં ના પાડી હતી પછી તું જ પસ્તાઈ હતી ને?"

"હા. પણ......"

"પણ બણ કંઈ નહી. આ વખતે જવાનું ફાઈનલ છે."

"સારું, પણ પછી તમારે તમારા ખોટા ખર્ચા બંધ કરવા પડશે...હોં" ગીતાબેને આડકતરી રીતે સહમતિ આપી દીધી.

"હા, બાબા. તું જેમ કહીશ તેમ કરીશ, બસ." જયેશભાઈ મનમાંને મનમાં મલકાઈ ઊઠ્યા.

થાઈલેન્ડ જઈને આવ્યા પછી આજે પણ તેઓ દર મહિને કકળાટ કરીને ઘર ચલાવે છે અને જરૂરિયાતની ચીજોમાં કરકસર વેઠીને ધીમે ધીમે વિલાસબેનને પૈસા ચૂકવે છે. સગા સંબંધી જ્યારે પણ મળે ત્યારે પૂછે, "જયેશભાઈ, કેવી રહી તમારી ટ્રીપ?"

"અરે, બહુ મજા આવી. સારું થયું જોઈ આવ્યા, નહીં તો અફસોસ રહી જાત!"

**ચાલો જોઈએ દાદાશ્રી આ વિષે શું કહે છે...**



# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ...

**ના**, જરૂરિયાતની ચીજને લાવે ને જરૂરિયાત ચીજની કસર વેઠે, એનું નામ મોહ કહેવાય. જેટલી નવી વસ્તુ દેખે એમાં ચિત્ત ફસાઈ જાય. ચિત્ત ફસાયું એટલે ઐશ્વર્ય તૂટી ગયું. જે નક્કી કર્યું છે તે નક્કીપણાને છેતરે તેવો મોહ ના હોવો જોઈએ.

ચિત્તવૃત્તિ વેરાય છે અનિશ્ચયથી અને લોકોના કહેવાથી પોતે દોરાય છે. લોકોએ જેમાં સુખ માન્યું તેમાં પોતે માને. જેની કિંમત સમજાઈ ત્યાં પછી ચિત્ત ભટક્યા કરે. ચિત્ત ક્યારે ના ભટકે ? જગતમાં કોઈ ચીજની કિંમત ના લાગે તો. ત્યાં પોતે જાગૃત થઈને આવશ્યક અને અનાવશ્યક નક્કી કરે, ત્યાર પછી ગાડું રાગે પડે. બહારની વસ્તુઓ કે જેમાં મોહ વ્યાપેલો છે, એમાંથી મોહ ઓછો થવા માટે વસ્તુઓ દુઃખદાયી લાગ્યા કરે, પોતાને અહિતકારી લાગે તો પછી તેમાંથી પાછો ફરે, તો પછી એમ કરતાં કરતાં મોહનો વ્યાપ ઘટે.

મોહ પૂરો થાય એવી ચીજવસ્તુ મળતી ના હોય અને એટલે તેને માટે અભાવ રહ્યા કરે તો મોહ ગયો ના કહેવાય. એ તો વસ્તુ અડે કે તરત જ મોહીને મોહ ચડે. આમ તો પોતે માને કે હવે મને મોહ નથી રહ્યો પણ એ તો જ્યારે કોઈ અપમાન કરીને કાઢી મેલે, ત્યારે મોહની ખબર પડે. માનનો મોહ હોય અંદર અને કીર્તિનોય મોહ હોય, પણ કીર્તિ પછી અપકીર્તિ આવે. કીર્તિ આપણે લેવા જઈએ ને અપકીર્તિ આવે ત્યારે ભયંકર દુઃખ થાય. એટલે આપણે કીર્તિ-અપકીર્તિથી પર થવાનું છે.

ગળ્યું જ્યારે ગળ્યું લાગે, કડવું જ્યારે કડવું જ લાગે ત્યારે એ મોહ કહેવાય અને બેઉ ફીક્કા-મોળા લાગવા માંડે, એટલે મોહનીય પરિણામ મોળા થઈ ગયા. આખો મોહ ઓગળ્યો એટલે આપણું કામ થઈ ગયું !

# સમાધાન આપણી મૂંઝવણોના

**પ્રશ્ન :** અમારા ઘરમાં બધા વચ્ચે ખૂબ જ ક્લેશ, કકળાટ થઇ જાય છે. તો આવું ના થાય એ માટે શું કરવું?

**જવાબ :** તને કકળાટ ગમે ?

**પ્રશ્નકર્તા :** ના, મારે શાંતિ જોઈએ છે.

**જવાબ :** તો જેને શાંતિ જોઈતી હોય તેણે એડજસ્ટ થઈ જવું જોઈએ. તેણે અથડામણ ટાળવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો પછી બીજા તેનો ગેરફાયદો ઊઠાવી વધારે હેરાન કરે ને?

**જવાબ :** ના, આ તો બુદ્ધિની દલીલ છે. બાકી જગતમાં કોઈ એવો સ્વતંત્રકર્તા છે જ નહીં. બધાં જ ભમરડા છે. તેના પોતાના ચાર્જ પ્રમાણે જ ફરશે.

એમ તારું એડજેસ્ટેબલ વર્તન અને શાંતિ જોઈ બીજા ફરશે અને ઘરમાં શાંતિ થશે.

બધાં જોઈને શીખે.

તમારે એડજસ્ટ થવું છે પણ તેમ છતાં ઘણીવાર ના થવાય અને કકળાટ થાય તેના પ્રતિક્રમણ કરો. તમે બધા વિકલી વીસીડી સેન્ટરમાં જાઓ અને પૂજ્યશ્રી તથા આપ્તપુત્રના પ્રત્યક્ષ સત્સંગમાં પણ જાઓ. તેનાથી ખૂબ જ ફેરફાર થશે. બધાએ સાથે મળીને સવારે અને સાંજે દાદાની અને સીમંધર સ્વામીની આરતી કરવી.



Youth in Action | Youth Events | Y-MHT | Blog | Gallery

# Youth .dadabhagwan.org







## યુવાનો માટે પ્રેરણાત્મક દુનિયા










# SUMMER CAMP

## ૮ થી ૧૨ વર્ષના બાળકો

| સેન્ટર | તારીખ | સંપર્ક |
|---|---|---|
| સીમંધર સીટી | ૨૩,૨૪ એપ્રિલ ૮ થી ૧૦ વર્ષ<br>૨૫,૨૬ એપ્રિલ ૧૧ થી ૧૨ વર્ષ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ભુજ | ૩,૪ મે | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ગાંધીધામ | ૧ મે | ૯૯૭૮૪૯૩૫૬૮ |
| સુરત | ૨૫,૨૬ એપ્રિલ | ૯૭૨૫૮૩૨૭૦૪ |
| સુરેન્દ્રનગર | ૨૩,૨૪ એપ્રિલ | ૯૪૨૬૫૭૯૦૬૪ |
| જામનગર | ૨૯,૩૦ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| મોરબી | ૨ મે | ૯૭૨૬૩૮૮૭૯૨ |
| રાજકોટ | ૨૯,૩૦ એપ્રિલ | ૯૭૨૩૫૯૧૬૦૬ |
| બરોડા | ૨૩,૨૪ એપ્રિલ | ૮૯૮૦૯૯૫૨૫૫ |
| મહેસાણા | ૩૦ એપ્રિલ | ૯૮૨૪૯૨૯૭૮૨ |
| ભરૂચ | ૨૪ એપ્રિલ | ૯૬૬૨૫૨૦૯૯૮ |
| ભાવનગર | ૨૯,૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| અંકલેશ્વર | ૧૨ માર્ચ | ૯૦૩૩૫૨૬૦૫૦ |
| વલસાડ | ૩૦ એપ્રિલ | ૯૯૭૪૦૯૦૩૨૧ |

## ૧૩ થી ૧૬ વર્ષના બહેનો

| સેન્ટર | તારીખ | સંપર્ક |
|---|---|---|
| સીમંધર સીટી | ૨૭,૨૮ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ગાંધીધામ | ૨૯,૩૦ એપ્રિલ | ૯૮૭૯૬૧૭૧૫૨ |
| સુરત | ૨૨,૨૩ એપ્રિલ | ૯૬૦૧૨૯૧૦૨૪ |
| સુરેન્દ્રનગર | ૨૫,૨૬ એપ્રિલ | ૯૭૨૬૧૦૮૪૩૪ |
| રાજકોટ | ૧,૨ મે | ૭૬૨૩૮૪૪૩૧૬ |
| બરોડા | ૨૫,૨૬ એપ્રિલ | ૯૬૨૪૮૫૨૬૦૨ |
| ભરૂચ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ |
| મુંબઈ | ૧૩,૧૪,૧૫ મે | ૯૮૨૦૨૭૩૧૬૩ |

## અડાલજ ત્રિમંદિર ખાતે યોજાતા કેમ્પ

૪ થી ૭ વર્ષના બાળકો - ૨૯ એપ્રિલ

૧૭ થી ૨૧ વર્ષના બહેનો - ૨,૩,૪ મે

૧૭ થી ૨૧ વર્ષના ભાઈઓ - ૧૨,૧૩,૧૪ મે

**સંપર્ક : ૦૭૯-૩૯૮૩૦૯૩૯**

Register @ kids.dadabhagwan.org
youth.dadabhagwan.org



# ૧૩ થી ૨૧ વર્ષના ભાઈઓ

| સેન્ટર | તારીખ | સંપર્ક |
|---|---|---|
| સીમંધર સીટી | ૨૯,૩૦ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| ભુજ | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૫૫૮૮ |
| ગાંધીધામ | ૩૦ એપ્રિલ | ૯૮૨૫૧૬૪૫૧૫ |
| સુરત | ૨૯,૩૦ એપ્રિલ | ૯૮૯૮૬૮૯૬૯૭ |
| સુરેન્દ્રનગર | ૩૦ એપ્રિલ | ૯૮૨૪૩૭૪૭૫૫ |
| જામનગર | ૩૦ એપ્રિલ | ૯૪૨૮૩૧૫૧૦૯ |
| રાજકોટ | ૨૦-૨૧-૨૨ મે | ૯૮૨૫૩૧૭૬૦૭ |
| બરોડા | ૨૯,૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૩૩૩૫ |
| ભરૂચ | ૩૦ એપ્રિલ | ૯૯૭૪૨૯૯૧૯૩ |
| ભાવનગર | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| મુંબઈ | ૨૬-૨૭-૨૮ મે | ૯૮૬૦૭૦૮૨૦૩ |
| વેરાવળ | ૩૦ એપ્રિલ | ૯૦૩૩૦૬૮૯૬૪ |
| ગોધરા | ૩૦ એપ્રિલ | ૯૯૭૯૧૦૯૫૨૯ |
| જુનાગઢ | ૩૦ એપ્રિલ | ૭૬૦૦૦૧૫૪૮૫ |
| વલસાડ | ૩૦ એપ્રિલ | ૯૯૨૪૩૪૩૨૪૫ |
| પાલનપુર | ૩૦ એપ્રિલ | ૯૭૨૪૯૭૩૫૩૧ |
| મહેસાણા | ૩૦ એપ્રિલ | ૯૮૭૯૧૧૨૮૯૪ |





ફેબ્રુઆરી ૨૦૧૭
વર્ષ-૪, અંક-૧૦
સળંગ અંક-૪૬
અક્રમ યુથ

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No. CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month

Monthly Youth Magazine
SUBSCRIPTION
OFFER

Offer Valid till 30th April 2017.

40 One Year OFFER

Price : ₹ ~~125~~
You pay : ₹ 75

Monthly Youth Magazine
SUBSCRIPTION
OFFER

Offer Valid till 30th April 2017.

52 Five Year OFFER

Price : ₹ ~~625~~
You pay : ₹ 300

## Akram Youth Subscription Form

Full Name : ______________________
Address : ______________________
City : __________ State : __________ Country : __________
Pincode : __________ Phone : __________
E-Mail : ______________ Date of Birth : __/__/____ dd/mm/yyyy
Gujarati ☐ English ☐

| | | | |
|---|---|---|---|
| 1 Year | ₹ ~~125~~ | ₹ 75 | ☐ |
| 5 Year | ₹ ~~500~~ | ₹ 300 | ☐ |

D.D/M.O. should be in favour of '**Mahavideh Foundation**', payable at Ahmedabad.

Please enclose payment or pay by credit card online at : store.dadabhagwan.org/akram-youth

**Send this form and enclosed payment to**

**Akram Youth**
'Dada Darshan', 5, Mamta Park Society, B/h. Navgujarat college, Usmanpura, Ahmedabad - 380 014, Gujarat, India.

We would love to hear from you.
Send us your feedback and suggestions.
Email: **akramyouth@dadabhagwan.org**

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**

Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner. Printed at Amba Offset, Basement, Parshvanath Chambers, Usmanpura, Ahmedabad-38014

Dada's Youth Network